NO:CHE/Online/CVS/2015/HISTORY/92-98

ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી,
બ્લોકનં૧૨/૨, ડૉ જીવરાજ મહેતા ભવન,,
ગુ.રા., ગાંધીનગર.,
તા 24 Jul 2015 ,

વંચાણેલીધા:-
૧) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: જીસીઓ/૧૫૦૩/૨૨૯/ખ. તા. ૧૭/૦૬/૨૦૦૯
૨) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક: જીસીઓ/૧૫૦૯/૩૫૯૯/ખ તા. ૨૯/૦૬/૨૦૧૫

::: કચેરીઆદેશ :::

આમુખ-૧ દ્વારા ગુજરાત રાજ્યની સરકારી શિક્ષણ, કાયદો, વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન વિદ્યાશાખાની સરકારી કોલેજો ખાતે ખાલી જગ્યાઓને "વ્યાખ્યાતા સહાયક" તેવું નામ આપીને કરાર આધારિત વ્યાખ્યાતા સહાયક તરીકે ફીક્સ પગાર રૂ. ૨૫,૦૦૦/- થી ફક્ત ૧૧ માસ માટે નિમણૂંક આપવાનું ઠરાવવામાં આવેલ છે. જે અન્વયે વર્ષ ૨૦૧૫-૧૬ના શૈક્ષણિક વર્ષમાં આ જગ્યાઓ પર કરાર આધારિત વ્યાખ્યાતા સહાયકની જગ્યાઓ ભરવા આમુખ-૨થી શિક્ષણ વિભાગ દ્વારા મંજુરી આપવામાં આવેલ છે. આ કચેરી દ્વારા વર્તમાનપત્રોમાં પ્રકાશિત કરેલ જાહેરાત અન્વયે ઉમેદવાર ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા નિયમિત ધોરણે ઉમેદવાર ઉપલબ્ધ થાય અથવા કોલેજની સંલગ્ન યુનિવર્સિટી નિયમોનુસાર શૈક્ષણિક વર્ષ ૨૦૧૫-૧૬ના દ્વિતિય સત્રના સમાપ્તીનાના આગળના દિવસે ઉપરોક્ત બન્ને શરતો પૈકી બે માંથી જે વહેલુ હોય તે સમય માટે જ તદ્દન કામચલાઉ "કરાર આધારિત" ધોરણે HISTORY વિષયમાં નીચેની શરતોને આધિન નિમણૂંક આપવામાં આવે છે.

| ઉમેદવારનું નામ | નિમણૂંક વાળી કોલેજનું નામ |
|---|---|
| RASHMITA LALLUBHAI RATHOD | Government Arts College, Kaprada, Valsad |

શરતો:

1. આ કરાર આધારિત વ્યાખ્યાતા સહાયકની નિમણૂંક ગુજરાત જાહેરસેવા આયોગ દ્વારા ગુજરાત શિક્ષણ સેવા વર્ગ-૨ના નિયમિત ધોરણે ઉમેદવારની પસંદગી અંગેની ભલામણ સરકારશ્રીમાં થાય અને શિક્ષણ વિભાગ દ્વારા સરકારી કોલેજોમાં નિયમિત વ્યાખ્યાતાઓની નિમણૂંક થાય અથવા શૈક્ષણિક ૨૦૧૫-૧૬ પૂર્ણ થાય તે બે માંથી જે વહેલુ હોય તે સમય માટે જ તદ્દન કામચલાઉ "કરાર આધારિત" ધોરણે કરવામાં આવે છે. ત્યારબાદ તુરંત તેઓની સેવા આપોઆપ સમાપ્ત થયેલી ગણાશે અને કરાર આધારિત વ્યાખ્યાતા સહાયક તરીકે નિમણૂંક પામેલ ઉમેદવાર તેઓ આ સમયગાળાના આધારે કોઇપણ લાભો અંગે ભવિષ્યમાં કોઇપણ પ્રકારનો હક્ક-દાવો કરી શકશે નહીં. આ શરત જાણી સમજીને તે પોતે સંમત થઈને સદરહુ નિમણૂંક ઉમેદવારે સ્વિકારી છે તે મતલબનુ રૂ. ૨૦/-ના સ્ટેમ્પ પેપર પર ફસ્ટ ક્લાસ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ, મામલતદારશ્રી, નોટરી અથવા સક્ષમ અધિકારી સમક્ષ કરાવેલ સોગંદનામુ / એકરારનામું ઉમેદવાર તેની ફરજ પર હાજર થાય તે સમયે કોલેજના આચાર્યશ્રી સમક્ષ રજુ કરવાનું રહેશે. સંબંધિત આચાર્યશ્રીએ આ સોગંદનામું અત્રેની કચેરીને મોકલી આપવાનું રહેશે. ઉમેદવારે તેમની નિમણૂંકના સ્થળે દિન-૭માં અચૂક હાજર થવાનું રહેશે. સંબંધિત ઉમેદવાર તે મુજબ દિન-૭માં નિમણૂંકના સ્થળે હાજર થશે નહી તો નિમણૂંક આપોઆપ રદ થયેલ ગણાશે.

નિમણૂંક પામેલ ઉમેદવારની શૈક્ષણિક લાયકાત જાહેરાતમાં દર્શાવેલ ધારા-ધોરણો પ્રમાણેની છે તે અંગેના અસલ પ્રમાણપત્રો અને આધારો સંબંધિત કોલેજના આચાર્યશ્રીએ ચકાસણી કરી લેવાની રહેશે.

3. ઉમેદવારની નોકરીના સમય દરમ્યાન કામગીરી સંતોષકારક નહીં હોય અથવા તો સંબંધિત કોલેજના કાર્યભારમાં વિદ્યાર્થી સંખ્યાના આધારે કોઇ ફેરફાર થાય ત્યારે આપવામાં આવેલી નિમણૂંક અંગે તેઓને નોકરીમાંથી ગમે ત્યારે છુટા કરવામાં આવશે.

4. સંસ્થાના અચાર્ય તરફથી ઉમેદવારને વિદ્યાર્થી વિકાસ માટેની તેમજ અન્ય કોઇપણ પ્રકારની ફરજ સોંપવામાં આવે તે તેમણે નિષ્ઠા પૂર્વક બજાવવાની રહેશે. તદઉપરાંત સંબંધિત કરાર આધારિત વ્યાખ્યાતાએ રાજ્ય સરકાર અથવા યુનિવર્સિટી તરફથી સોંપવામાં આવતી તમામ શૈક્ષણિક જવાબદારીઓ નિભાવવાની રહેશે.

5. તેઓની નિમણૂંક કરાર અધારિત હોઇ, તેઓ બદલી અંગેની કોઇ રજુઆત કરી શકશે નહીં પરંતુ સરકારશ્રી દ્વારા તેઓની આ સમય દરમ્યાન રાજ્યમાં કોઇપણ સ્થળે વહીવટી સરળતા અને જાહેર હિતમાં બદલી કરી શકાશે.

6. સરકારી કોલેજના આચાર્યશ્રી તેમનીકોલેજની સંલગ્ન યુનિવર્સિટીના નિયમોનુસાર શૈક્ષણિક વર્ષ ૨૦૧૫-૧૬ના દ્વિતિય સત્રની સમાપ્તિના આગળના દિવસના રોજ આદેશ મુજબ ઉમેદવારની સેવાનો અંત લાવી તે અંગેની જાણ ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરીની તાત્કાલિક કરવાની રહેશે.

7. કરાર આધારિત વ્યાખ્યાતા સહાયક તરીકે નિમણૂંક પામેલ ઉમેદવાર આ આદેશમાં જણાવ્યા સિવાયના અન્ય કોઇપણ નાણાંકીય લાભો મેળવવા માટે હક્કદાર નથી.

8. ચાલુ નોકરી દરમ્યાન ઉમેદવાર નોકરીમાંથી છુટા થવા ઇચ્છે તો ઉમેદવારે દિન-૭ અગાઉ નોટીસ આપવાની રહેશે અથવા દિન-૭નો નોટીસ-પે ભરી છુટા થવાનું રહેશે.

નોંધ પર મળેલ માન. આયુક્તશ્રીના આદેશાનુસાર.

સંયુક્ત શિક્ષણ નિયામક(મહેકમ)
ગુ.રા., ગાંધીનગર

પ્રતિ,

૧. RASHMITA LALLUBHAI RATHOD

૨. આચાર્યશ્રી, Government Arts College, Kaprada, Valsad

3. હિસાબી અધિકારી, હિસાબી અધિકારી, સદર કચેરી.

૪. KAPRADA જિલ્લા/પેટા તિજોરી અધિકારીશ્રી. (સંબંધિત કોલેજના આચાર્યશ્રી મારફત)

૫. રજિસ્ટ્રારશ્રી, સંબંધિત યુનિવર્સટી. (સંબંધિત કોલેજના આચાર્યશ્રી મારફત)

૬. હુકમ ફાઇલે.

નકલ સાદર રવાના : સેક્શન ઑફિસરશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

Scanned with OKEN Scanner